અમદાવાદ શહેર પોલીસ

નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરી નારોલ

અમદાવાદ શહેર


| ટેલીફોન નંબર :- 079-25730200<br>Email:-polstn-narol-ahd@gujarat.gov.in | તારીખ:- ૨૨/૧૧/૨૦૧૯ |
|---|---|


**કલોન કરેલા બનાવટી ATM/ડેબીટ કાર્ડ ઉપયોગ કરી આર્થીક ફાયદા સારૂ ઠગાઇ કરતા ઇસમોને મુંબઇ થી અમદાવાદ આવતા દરમ્યાન પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ રોજ બરોજ અમદાવાદ શહેર મા ખોટા અને બનાવટી એ.ટી.એમ તથા માસ્ટર કાર્ડ બેન્ક/એ.ટી.એમ ગ્રાહકોની ઓળખ ચોરવાની અને છેતરપીન્ડી માટે કોમ્પ્યુટર માધ્યમ નો ઉપયોગ કરી આર્થીક ફાયદા સારુ ઠગાઇ કરવાના હેતુ થી બનતા ગુનાઓ અટકાવવા સારુ હકિકત આધારે મળેલ ખાનગી બાતમી થી તા.૨૨/૧૧/૧૯ ના કલાક. ૧૯/૪૫ વાગે લાભા ટી પાસે થી મુબઇ થી અમદાવાદ ઉપરોકત બનાવટી અને ખોટા એ.ટી.એમ માસ્ટર કાર્ડનો જથ્થો લઇ આવનાર બે ઇસમઓ જેમા આરોપી અજયસિંહ સ/ઓફ કવરસિંહ રીસાલસિંહ દહીયા (જાટ) ઉ.વ ૪૮ રહે.હરીયાણા તથા ભુપેંદ્રસિંહ સ/ઓફ રાજવીરસિંહ શેરસિંહ જાટ ઉ.વ ૩૭ રહે. હરીયાણા નાઓ બન્ને ઇસમોએ જુદી જુદી બેન્કના કલોન કરેલા ATM  તથા બ્લેન્ક કાર્ડ પર ગ્રાહકોના ડેટા ઇન્સર્ટ કરીને બનાવેલા કલોન ATM/ડેબીટ કાર્ડને ઇલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા પાસવર્ડ તથા ગ્રાહકના નંબરો લખી ગ્રાહકો સાથે ઠગાઇ કરવા ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી ઠગાઇ કરવાના ઇરાદે તે બનાવટી દ્દસ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરવા તેમજ ઓળખ ચોરવાની તેમજ અસલ ગ્રાહકોને છેતરવા માટે કોમ્પ્યુટર માધ્યમનો ઉપયોગ કરી એટીએમ કાર્ડ/ડેબીટ કાર્ડ બનાવી પોતાના આર્થીક ફાયદા સારૂ  ગુજરાત અમદાવાદમા મોકલી આપી મોબાઇલ ફોન તથા અન્ય ચીજ વસ્તુઓ તથા એ.ટી.એમ/માસ્ટર કાર્ડ નંગ.૪૫ તથા ૧ કેમેરાની બેટરી તથા ૧ મોબાઇલ ફોન સહીતના મુદામાલ સાથે ગુનાહીત કૃત્ય કરવાના ઇરાદે ઉપરોકત બન્ને જણા ઉપરોકત બનાવટી વસ્તુઓ સાથે મળી આવતા પકડાઇ ગયેલ હોય તેઓ વિરુધ્ધ નારોલ પો.સ્ટે ફ.ગુ.ર.નંબર. ૨૦૯/૧૯ ઇપીકો.ક.૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી તથા આઇટી એકટની કલમ ૬૬ (સી) તથા ૬૬ (ડી) મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી ચાલુ છે.

(એસ.એ.ગોહિલ)<br>
પોલીસ ઇન્સ્પેકટર<br>
નારોલ પોલીસ સ્ટેશન<br>
અમદાવાદ શહેર